# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૪

### જવાબપત્ર - ૪

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૪૦]**

૧. આપણી સંસ્થા શેના પાયા પર સ્થપાઈ છે ?
(૧) સિધ્ધાંત અને સત્સંગના (૨) સમતા અને સાધુતાના **(3) સિધ્ધાંત અને સાધુતાના** **૧.** 3

૨. યોગીજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ?
**(૧) ધારીમાં** (૨) મહેળાવમાં (૩) ચાણસદમાં **૨.** ૧

3. ભગવાન હાલ ક્યા સ્વરૂપે પ્રગટ છે ?
(૧) ગ્રંથ સ્વરૂપે (૨) મૂર્તિ સ્વરૂપે **(3) સંત સ્વરૂપે** **3.** 3

૪. આધ્યાત્મિક અને ............. સેવાની પ્રવૃત્તિઓ આપણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?
(૧) સ્વચ્છતા (૨) સંસ્કાર **(3) સામાજિક** **૪.** 3

૫. સત્સંગીના પાંચ પાયાનાં વર્તમાનમાંથી એક ક્યું છે ?
(૧) નામ લખવું **(૨) દારૂ ન પીવો** (૩) હિંસા ન કરવી **૫.** ૨

૬. પૂજામાં છઠ્ઠો દંડવત્ શા માટે કરાય છે ?
(૧) મનોકામના માટે **(૨) ભક્તના અપરાધની માફી માટે** (૩) પ્રાયશ્ચિત માટે **૬.** ૨

૭. 'કેટલો નફો છોડી રવિસભામાં જવું.' એમ યોગીબાપા કહેતા ?
(૧) ૩૬,૦૦૦નો (૨) ૧૦,૦૦૦નો **(3) ૨૫,૦૦૦નો** **૭.** 3

૮. કુસંગ કરવાથી શું ગુમાવાય ?
(૧) સત્સંગ **(૨) અક્ષરધામ જવાની તક** (૩) પ્રતિષ્ઠા **૮.** ૨

૯. મંદિરમાં દાન-ધર્માદો કરવાથી શું થાય ?
**(૧) દ્રવ્ય શુધ્ધિ** (૨) દ્રવ્યની વૃધ્ધિ (૩) દ્રવ્યની મુક્તિ **૯.** ૧

૧૦. પરમહંસો કઈ રીતે પૂજાતા ?
**(૧) ભગવાન** (૨) રાજા (૩) ઈન્દ્ર **૧૦.** ૧

૧૧. પુનર્જન્મ એટલે .............. (પુનર્જન્મનો અર્થ .............)
**(૧) પુનર્જન્મ** (૨) મરણ (૩) મોક્ષ **૧૧.** ૧

૧૨. વિક્રમશીએ તેમના પૂર્વજન્મનાં માતાને શું આપ્યું ?
(૧) ઘડો (૨) તલવાર **(3) રૂ. ૫૦૦** **૧૨.** 3

૧૩. ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા ?
(૧) બોચાસણ (૨) અટલાદરા **(3) છપૈયા** **૧૩.** 3

૧૪. રામપ્રતાપભાઈને ઘનશ્યામના એક સાથે કેટલા મંદિરોમાં દર્શન થયા ?
**(૧) 3** (૨) ૬ (૩) ૨ **૧૪.** ૧

**૧૫.** ક્યા મઠની આગળ એક ઝાડના ઓટલા પર નીલકંઠે રાત રહેવાનું નક્કી કર્યું ?

**(૧) કમલેશ્વર** (૨) છપૈયા (૩) મેહળાવ **૧૫.** | ૧ |

**૧૬.** સહજાનંદ સ્વામીએ વરદાન માંગ્યા ત્યારે સભામંડપમાં કઈ જય ગુંજી ઊઠી ?

(૧) હરિકૃષ્ણ મહારાજની **(૨) સહજાનંદ સ્વામીની** (૩) રામાનંદ સ્વામીની **૧૬.** | ૨ |

**૧૭.** જ્યારે શ્રીજી મહારાજ શોભારામના દ્વારે આવ્યા ત્યારે શોભારામે શું કર્યું ?

**(૧) કાઢી મૂક્યા** (૨) માફી માંગી (૩) પસ્તાવો કર્યો **૧૭.** | ૧ |

**૧૮.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ ક્યા સ્થળે ઊજવ્યો હતો ?

**(૧) પંચાળા** (૨) ગઢડા (૩) સારંગપુર **૧૮.** | ૧ |

**૧૯.** સર્વોપરિ ભગવાન કોણ છે ?

(૧) ભગવાન રામ **(૨) શ્રીજી મહારાજ** (૩) કૃષ્ણ ભગવાન **૧૯.** | ૨ |

**૨૦.** રાજા વજેસિંહનો દરબાર ક્યાં હતો ?

**(૧) ભાવનગર** (૨) અમદાવાદ (૩) લંડન **૨૦.** | ૧ |

**૨૧.** એકાદશી કરવાથી શું સારું રહે છે ?

**(૧) શરીર** (૨) ઘર (૩) પર્યાવરણ **૨૧.** | ૧ |

**૨૨.** શ્રીજી મહારાજનું રહેવાનું ધામ કોણ છે ?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) યોગીજી મહારાજ **(૩) ગુણાતીતાનંદ સ્વામી** **૨૨.** | ૨ |

**૨૩.** જ્યારે માતાએ ઠાકોરજીને દૂધ ધરાવ્યા વિના મૂળજીને આપવાની ના પાડી ત્યારે મૂળજીએ માતાને શું કહ્યું ?

(૧) માતા, હું પ્રતિક્ષા કરીશ. **૨૩.** | ૩ |

(૨) માતા, ભગવાન દરેક જીવમાં રહ્યા છે એટલે ધરાવીએ નહીં તો ચાલે.

**(૩) માતા, ભગવાન મારામાં રહ્યા છે, જ્યારે હું દૂધ પીવુ છું ત્યારે ભગવાન જ દૂધ પીવે છે.**

**૨૪.** વાઘાખાચર જુનાગઢ હતા ત્યારે ભગતજી મહારાજે તેમને શું વાત કરી ?

(૧) શ્રીજીમહારાજ સર્વોપરી છે. **(૨) ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે.** **૨૪.** | ૨ |

(૩) પોતે મોટા સેવક છે.

**૨૫.** કોણે સહજાનંદ સ્વામીને પોતાના ઉત્તરાધિકારી દર્શાવ્યા ?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી **(૩) રામાનંદ સ્વામી** **૨૫.** | ૩ |

**૨૬.** યોગીજી મહારાજે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

(૧) ૧૮ **(૨) ૧૬** (૩) ૧૨ **૨૬.** | ૨ |

**૨૭.** મહંતસ્વામી મહારાજ કોનું પ્રગટ સ્વરૂપ છે ?

**(૧) ભગવાન સ્વામિનારાયણ** (૨) મુક્તાનંદ સ્વામી (૩) ભગતજી મહારાજ **૨૭.** | ૧ |

**૨૮.** ભગવતસિંહજી ગઢડામાં ક્યાં સુધી રહ્યા ?

**(૧) સને ૧૯૮૬ અંતકાળ સુધી** (૨) સ્વામી બાપાને મળ્યા ત્યાં સુધી **૨૮.** | ૧ |

(૩) ઘણા વર્ષો

**૨૯.** સ્વામીબાપાનો ૫૧મો જન્મદિવસ ક્યાં ઉજવાયો ?

(૧) ગોંડલ (૨) ભુજ **(૩) ધર્મજ** **૨૯.** | ૩ |

**૩૦.** સ્વામીબાપા કયા ગામમાં વાછરડાંને જોવા ગયા ?

(૧) સારંગપુર **(૨) રતનપુર** (૩) જેતલપુર **૩૦.** ૨

**૩૧.** અક્ષરધામમાં જવાની બે પાંખો છે. આજ્ઞા અને ઉપાસના. આજ્ઞા એટલે શું ?

(૧) ભક્તિનો પ્રકાર (૨) અન્યને આદેશ આપવો **(3) મુખ્ય આધ્યાત્મિક આદેશ** **૩૧.** 3

**૩૨.** દીક્ષા ગ્રહણ કરતી વખતે કયા હાથમાં જળ આપવામાં આવે છે ?

(૧) જમણા અને ડાબા હાથમાં **(૨) જમણા હાથમાં** (૩) ડાબા હાથમાં **૩૨.** ૨

**૩૩.** માનસી પૂજા કરવાથી....

(૧) ભગવાન પ્રસન્ન થાય છે. (૨) આપણને આનંદનો અનુભવ થાય છે. **૩૩.** 3

**(3) બંને વિકલ્પો**

**૩૪.** શિખરબધ્ધ મંદિરમાં કેટલી આરતી થાય છે ?

**(૧) ૫** (૨) ૩ (૩) ૨ **૩૪.** ૧

**૩૫.** બાળસભામાં જવાથી જીવનમાં સુખ-શાંતિ કઈ રીતે અનુભવાય છે ?

**(૧) કારણકે ગમ્મત સાથે જ્ઞાન મળે છે.** (૨) કારણકે મિત્રો મળે છે. **૩૫.** ૧

(૩) પ્રસાદ મળે છે.

**૩૬.** ફરાળ ઉપરાંત અગિયારસના દિવસે શું કરવું ?

**(૧) ભજન** (૨) ટીવી-સિનેમા જોવા (૩) એકપણ વિકલ્પ નહીં **૩૬.** ૧

**૩૭.** ગોકળદાસની માતાએ શ્રીજી મહારાજને શું વિનંતી કરી ?

(૧) તેમના ઘરે આરતી કરે (૨) તેમના ઘરે આવવા **(3) પહેલાં જેવું કરી દો** **૩૭.** 3

**૩૮.** અભેસિંહ દરબાર કયા ગામના હતા ?

(૧) લોઢવા **(૨) લોધિકા** (૩) જામનગર **૩૮.** ૨

**૩૯.** શિક્ષાપત્રીમાં કેટલા શ્લોક છે ?

**(૧) ૨૧૨** (૨) ૨૧૬ (૩) ૨૬૨ **૩૯.** ૧

**૪૦.** થોડા વર્ષ પછી માણસિયા ખુમાણે કેટલા રૂપિયાની બચત કરી ?

**(૧) રૂ. ૨ લાખ (૨૦૦,૦૦૦)** (૨) રૂ. ૫ લાખ (૫૦૦,૦૦૦) **૪૦.** ૧

(૩) રૂ. ૧૦ લાખ (૧,૦૦૦,૦૦૦)

**૪૧.** સ્વમિનારાયણ મંત્રનું રટણ કરી વ્યાપકાનંદ સ્વામીએ ઘોડી પર શું છાંટ્યું ?

(૧) અમૃત (૨) દૂધ **(3) પાણી** **૪૧.** 3

**૪૨.** કંસાર જમતી વખતે મહારાજે શું માંગ્યું ?

(૧) રોટલી **(૨) ઘી** (૩) વધુ કંસાર **૪૨.** ૨

**૪૩.** હિમરાજ શાહ ગઢડામાં કોને મળ્યા અને સ્વામિનારાયણના ભક્ત બની ગયા ?

(૧) ગુણાતીતાનંદ સ્વામી **(૨) ભગવાન સ્વામિનારાયણ** (૩) ગોપાળાનંદ સ્વામી **૪૩.** ૨

**૪૪.** રાજા દશરથનું તીર કોને વાગ્યું ?

(૧) પક્ષી (૨) શ્રવણના મા-બાપ **(3) શ્રવણ** **૪૪.** 3

**૪૫.** માળા કરતી વખતે શું બોલવું જોઈએ ?

(૧) કૃષ્ણ કૃષ્ણ **(૨) સ્વામિનારાયણ સ્વામિનારાયણ** (૩) જય જય જય **૪૫.** ૨

**૪૬.** ઘનશ્યામ પ્રભુના માતાનું નામ શું હતું ?

**(૧) ભક્તિ દેવી** (૨) શારદા દેવી (૩) સુવાસિની — **૪૬.** [ ૧ ]

**૪૭.** ઘનશ્યામને શોધવા કોણ ગયું ?

(૧) મિત્રો (૨) ધર્મદેવ **(૩) રામપ્રતાપભાઈ** — **૪૭.** [ ૩ ]

**૪૮.** શ્રીજી મહારાજે કેટલા મંદિરો બાંધ્યા ?

(૧) ૧ (૨) ૪ **(૩) ૬** — **૪૮.** [ ૩ ]

**૪૯.** યોગીજી મહારાજનું દીક્ષાનું નામ શું હતું ?

(૧) સાધુ નારાયણસ્વરૂપદાસ **(૨) સાધુ જ્ઞાનજીવનદાસ** (૩) સાધુ યજ્ઞપુરુષદાસ — **૪૯.** [ ૨ ]

**૫૦.** આરતીની રચના ક્યાં કરવામાં આવી ?

(૧) જેતપુરમાં (૨) પિપલાણામાં **(૩) કાલવાણીમાં** — **૫૦.** [ ૩ ]

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૨૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | શ્રીજી મહારાજ જ્યારે ગોકળદાસ ભાટિયાને ત્યાં પધરામણી કરવા ગયા ત્યારે તેમના માતુશ્રીને ન ગમ્યું, કારણ કે તેમનો દીકરો વૈષ્ણવ મત છોડીને સત્સંગી થયો હતો. | **૧.** | ✓ |
| **૨.** | વર્ષમાં બે વાર, આપણે અનાજ તથા તેમાંથી બનાવેલ ખોરાક ન ખાવો જોઈએ. | **૨.** | ✗ |
| **૩.** | શ્રીજી મહારાજ જીવા ખાચરના દરબારમાં કથાવાર્તા કરતા હતા. | **૩.** | ✓ |
| **૪.** | જૂના જમાનામાં મંદિરનાં ગર્ભગૃહને વીજળી તથા દીવાથી પ્રકાશિત કરવામાં આવતા. | **૪.** | ✗ |
| **૫.** | તપની માળા એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી ૧ માળા ફેરવવી. | **૫.** | ✓ |
| **૬.** | શ્રીજી મહારાજે વડોદરામાં ભવ્ય યજ્ઞ કર્યો. | **૬.** | ✗ |
| **૭.** | યોગીજી મહારાજના પિતાનું નામ ભોળાનાથ શર્મા હતું. | **૭.** | ✗ |
| **૮.** | શાસ્ત્રીજી મહારાજે સારંગપુરનું મંદિર બાંધ્યું. | **૮.** | ✓ |
| **૯.** | બી.એ.પી.એસ. એટલે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા | **૯.** | ✓ |
| **૧૦.** | રાજકવિ મટીને લાડુદાનજી શ્રીજી મહારાજના સાધુ બન્યા, પછી તેઓ બ્રહ્માનંદ સ્વામીના નામે ઓળખાયા. | **૧૦.** | ✓ |
| **૧૧.** | બી.એ.પી.એસ.ની સ્થાપના ૧૯૦૯માં થઈ હતી. | **૧૧.** | ✗ |
| **૧૨.** | ગુણાતીતાનંદ સ્વામી બાળમંડળના વિકાસની ઈચ્છા રાખતા હતા. | **૧૨.** | ✗ |
| **૧૩.** | ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૬ના દિવસે શિક્ષાપત્રીનું લેખનકાર્ય પૂર્ણ થયું હતું. | **૧૩.** | ✓ |
| **૧૪.** | શ્રવણ પાણી ભરતો હતો, ત્યારે તુંબડીમાંથી બુડ્ બુડ્ અવાજ આવ્યો. | **૧૪.** | ✓ |
| **૧૫.** | પારિવારિક સભ્યના મૃત્યુ પછીના ૧૨ (બારમા) દિવસને ધ્યાન કહેવાય છે. | **૧૫.** | ✗ |
| **૧૬.** | શાસ્ત્રીજી મહારાજે ૭ મંદિરો બાંધ્યા. | **૧૬.** | ✗ |

૧૭. બ્રહ્માનંદ સ્વામી કહે, 'જ્યારે હું કાવ્ય રચું, ત્યારે દરેક શબ્દ વારંવાર આવે.' ૧૭. ✗

૧૮. મંદિરમાં દાન-ધર્માદો કરવાથી દ્રવ્યની અશુદ્ધિ થાય છે. ૧૮. ✗

૧૯. યોગીજી મહારાજને વિનુભાઈએ રોક્યા ત્યાં સુધીમાં યોગીજી મહારાજે ૩ દંડવત્ કરી દીધા હતા. ૧૯. ✓

૨૦. અભેસિંહે મહારાજને પોતાનું માથું કાપવા માટે તલવાર આપી. ૨૦. ✗

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો. [૨૦]**

૧. પર્વતભાઈને વરાહ અવતારમાં ભગવાન કેવા દેખાતા હશે એવો વિચાર આવ્યો ત્યારે મહારાજે તેમને શેના દર્શન કરાવ્યા ?

**જ. મહારાજે પર્વતભાઈને બધા (૨૪) ચોવીસ અવતારો અને બધા અવતારો શ્રીજીમહારાજમાં સમાઈ ગયા એવા દર્શન કરાવ્યા.**

૨. એક માણસ મૃત્યુના સમયે શ્રીજી મહારાજની મૂર્તિને જોતો હતો, ત્યારે તેણે મહારાજને શું કહ્યું ?

**જ. 'તમે તો અમને પીરસ્યું હતું તે ભગવાન જ ને ?**

૩. જયનાદ ક્રમમાં લખો.

**જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,**
**ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય, ભગતજી મહારાજની જય,**
**શાસ્ત્રીજી મહારાજની જય, યોગીજી મહારાજની જય,**
**પ્રમુખસ્વામી મહારાજની જય, મહંતસ્વામી મહારાજની જય.**

૪. ગુણાતીતાનંદ સ્વામી સાથે હોવા છતાં પણ વાઘાખાચર ખુશ કેમ નહોતા ?

**જ. તે નાખુશ હતા કારણકે તેમને ભગતજી મહારાજના શબ્દો પર વિશ્વાસ ન હતો અને ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર નહોતા માનતા.**

૫. ઘનશ્યામ ભગતને જોતા જ યોગીજી મહારાજે દંડવત્ કરવાનું કેમ શરૂ કર્યું ?

**જ. ભગતજી મહારાજનું જીવનચરિત્ર વાંચવા માટે ઘનશ્યામ ભગત પર યોગીજી મહારાજ ખુશ હતા.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૧૦]**

**૧.** નારાયણ સુખદાતા....................... કોટિ ગયા કાશી.

**જ.** **નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)**
**પામર પતિત ઉધ્ધાર્યા (૨) અગણિત નરનારી... જય.**
**નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી... જય.**

**૨.** સેવા તો પોતાની ....................... અવગુણ લેવો.

**જ.** **સેવા તો પોતાની શ્રધ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો.**

**૩.** સ્વસ્થાનં ગચ્છ .......................... પુનરાગમનાય ચ.

**જ.** **સ્વસ્થાનં ગચ્છ દેવેશ પૂજામાદાય મામકીમ્ ।**
**ઈષ્ટકામ - પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥**

**૪.** આપણે તો અક્ષરધામમાં ............................. રાખવો.

**જ.** **આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો.**

**૫.** ૐ સહનાવવતુ .............................. શાંતિઃ શાંતિઃ

**જ.** **ૐ સહનાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** સ્વામિબાપાની ઓળખાણ **(પાઠ નં. ૧૯)**
**૨.** ગુણાતીતમાં પ્રગટ **(પાઠ નં. ૧૨)**
**૩.** પરોપકારી જીવન **(પાઠ નં. ૧૮)**
**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**